Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# કુમારસંભવનો સાર સંદેશ

સંજયકુમાર ચૌધરી

( M.A.,M.PHIL.,GSET ) Ph.D Scholar, HNGU, Patan

❖ ***સારાંશ -***

*પ્રાચીન ભારતીય સાહિત્યમાં કવિકુલગુરુ કાલિદાસ અદ્વિતીય સ્થાન ધરાવે છે. સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ 'પંચમહાકાવ્યો'ની શ્રેણીનાં પ્રથમ બે મહાકાવ્યો મહાકવિ કાલિદાસના સર્જનો છે. આમ, સંસ્કૃત મહાકાવ્યના ક્ષેત્રમાં કાલિદાસે એકીસાથે બે કૃતિઓ આપીને અજોડ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. મહાકવિ કાલિદાસનું પ્રથમ મહાકાવ્ય છે 'કુમારસંભવમ્'. મહાદેવ અને માતા પાર્વતીના પ્રણય અને પરિણયમાંથી કુમાર કાર્તિકેયના જન્મની કથા કહેતું આ અદભૂત મહાકાવ્ય છે, જો કે તેની સર્ગ સંખ્યાની બાબતમાં વિદ્વાનો એક મતનાં નથી. કેટલાંક તેને આઠ સર્ગનું તો કેટલાંક તેની સર્ગસંખ્યા સત્તર બતાવે છે, પરંતુ સામાન્ય રીતે એવું મનાય છે કે મહાકવિ કાલિદાસે 'કુમારસંભવ'ના એકથી આઠ સર્ગો જ રચ્યાં હશે, કેમકે કુમારના સંભવિત જન્મની કથા આઠમાં સર્ગમાં પૂરી થાય છે. 'કુમારસંભવ'માં કવિકર્મની કુશળતા પદે પદે પ્રગટ થાય છે. મહાકવિ કાલિદાસે આ મહાકાવ્ય દ્વારા આડકતરી રીતે માનવ સમાજને અનેક મહત્વપૂર્ણ અમૃતતુલ્ય સંદેશ, ઉપદેશ આપ્યાં છે. મહાકવિ આ કાવ્યમાં પ્રેમનો, લગ્નજીવનનો ઉચ્ચ આદર્શ માનવસમાજ સમક્ષ રજૂ કરે છે. તે બાહ્ય સૌંદર્ય કરતાં આંતરિક સૌંદર્યને શ્રેષ્ઠ બતાવી, તપઃપૂત પ્રેમને ઉન્નત અવસ્થા લગ્નમાં પરિણમી જ વિરમે છે અને આ લગ્નમાં પણ કામભાવનો વિચ્છેદ કરી તેને સમષ્ટિના કલ્યાણાર્થે પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત કવિ સમાજને નારી સ્વાતંત્ર-સમાનતા, માતા-પિતા સન્માન, ગૃહસ્થાશ્રમનું મહત્વ જેવા અનેક ઉત્તમ સંદેશ આપે છે.*

❖ ***ચાવીરૂપ શબ્દો -*** *કુમારસંભવ, સારસંદેશ, કાલિદાસ*

---

## ❖ પ્રસ્તાવના -

સાહિત્ય સમાજનું પ્રતિબિંબ છે, માર્ગદર્શક છે. સાહિત્ય લોકજીવનનું અભિન્ન અંગ છે. સમાજ સાહિત્યને પ્રભાવિત કરે છે અને સાહિત્ય સમાજ પર પ્રભાવ પાડે છે. બંને એક સિક્કાની બે બાજુ છે. સાહિત્યથી સમાજનો એ જ સંબંધ છે, જે સંબંધ આત્માનો શરીરથી હોય છે. સાહિત્ય સમાજરૂપી શરીરની આત્મા છે. આથી પ્રાચીન કાળથી જ ભારતમાં કલાની ઉપાસના કલા ખાતર જ કરવામાં આવતી ન હતી, પરંતુ કવિઓ કાવ્યોનું રસપાન કરાવતા કરાવતા જેમ વૈદ્ય ગોળનું પડ ચઢાવીને ઔષધ આપે તેમ વાચકોને કાવ્યાનંદમાં મગ્ન કરી ઉપદેશરૂપ ઔષધ બહુ જ મૃદુતાથી પીવડાવી દે છે. આચાર્ય મમ્મટે પણ 'કાવ્યપ્રકાશ'માં કાવ્યનાં હેતુ દર્શાવતા કવિઓ માટે પત્નીસમાન પ્રેમથી અપાતા ઉપદેશને મહત્વનો હેતુ માન્યો છે. જેમ કે ...

" काव्यं यशसेऽर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये ।
सधः परनिवृतये कान्तासम्मित तयोपदेशयुजे ।।"[1]

આથી કોઈ કવિની કૃતિમાં વિશિષ્ટ પ્રયોજન કે તેના કોઈ અમર સંદેશાની અન્વેષણા કરવામાં કાંઇ અજુગતું નથી.

## ❖ કુમારસંભવનો સારસંદેશ -

મહાકવિ, કવિકુલગુરુ કાલિદાસે પોતાના 'કુમારસંભવ' મહાકાવ્યમાં માતા પાર્વતી અને ભગવાન શિવના પ્રણય અને તે મારફત

કુમાર કાર્તિકેયનાં જન્મની કથા કંડારતા કંડારતા આડકતરી રીતે માનવ સમાજને અનેક મહત્વપૂર્ણ અમૃતતુલ્ય સંદેશ, ઉપદેશ આપ્યાં છે, જેનું વિસ્તુત નિરૂપણ નીચે પ્રમાણે જોઈ શકાય.

'કુમારસંભવ' મહાકાવ્યમાં ભગવાન શિવ તેમજ માતા પાર્વતીનું એમના સંપૂર્ણ માનવીય પાસાંમાં જ આલેખન કરવા કવિ કટિબદ્ધ છે. બંને અસાધારણ, અલૌકીક વ્યક્તિઓની પ્રણયકથાને કવિ કાલિદાસે અતિશય માનવીય આસ્વાદથી પરિપૂર્ણ બનાવી દીધી છે. આ મહાકાવ્યમાં કવિએ પ્રેમનો તેના બધા આવિર્ભાવો સહિત સંદેશો આપ્યો છે. આ કાવ્યમાં પોતાના અનુપમ બાહ્ય સૌંદર્ય અને આકર્ષણથી કામદેવને પણ મોહિત કરનાર પાર્વતી જ્યારે આ સૌંદર્યથી યોગી શિવને પામવામાં નિષ્ફળ જાય છે ત્યારે તે આ સૌંદર્યને ધિક્કારી પોતાના પિતાની આજ્ઞા લઈ પોતાના સ્વભાવથી વિપરીત એવા તપનો આશરો લઈ, બટુકરૂપધારી શિવ દ્વારા અપાયેલ ભૌતિક પ્રલોભનોનો તિરસ્કાર કરી અંતે શિવમય બની જાય છે. ત્યારે શિવ પણ પ્રસન્ન થઈ તેણીનું દાસત્વ સ્વીકારતાં જણાવે છે કે,

" अघ्यप्रभृत्यवनताङ्गि । तवास्मि दासः ।

क्रितस्तपोभिः ..."[२]

અર્થાત, "હે નમેલાં અંગોવાળી, આજથી હવે તમારા તપથી ખરીદાયેલો, હું તમારો દાસ છું."

આમ, અહીં કવિ બાહ્ય સૌંદર્ય અને આકર્ષણને બદલે આંતરિક સૌંદર્યને વધુ મહત્વ આપી મનુષ્યને આંતરિક સૌંદર્ય ઉન્નત બનાવવાનો ઉત્તમ સંદેશ આપે છે.

આ મહાકાવ્ય સ્વરૂપે કાલિદાસ માતા પાર્વતીના માધ્યમથી તત્કાલિન સમાજમાં એક આદર્શ પુત્રી, પત્ની તરીકેનો આદર્શ પણ પૂરો પાડવા ઈચ્છતા હોય તેમ જણાઈ આવે છે. બાહ્ય દેહાકર્ષણથી શિવને ન પામી શકનાર પાર્વતી તપ કરવા માટે પણ પ્રથમ પિતાની આજ્ઞા મેળવે છે. આ ઉપરાંત જ્યારે તપથી પ્રસન્ન થઈ શિવ પોતાને તેનો દાસ ગણે છે, ત્યારે પોતાના મનનાં માણિગર શિવ સાથે મિલનોત્સુક હોવા છતાં તે પોતાનું ધૈર્ય ગુમાવ્યા વિના એક આદર્શ પુત્રી તરીકે શિવને પોતાના પિતા પાસે માંગુ નાંખવા કહે છે. આમ, તે પોતાના માતા-પિતાની માન, મર્યાદાની કાળજી રાખે છે. આ ઉપરાંત બટુક વેશધારી શંકર જ્યારે શિવની નિંદા કરે છે ત્યારે તે પોતાના ભાવિ પતિની નિંદા સહન કરી શકતી નથી અને ત્યાંથી ચાલવા લાગે છે. આમ, તે પતિ પ્રત્યે વફાદાર પત્નીનો આદર્શ પણ સમાજ સમક્ષ રજૂ કરે છે.

કાલિદાસકાલીન સમાજ પ્રણાલિને લક્ષમાં લઈએ તો તેમાં કન્યાના સ્વતંત્ર વ્યક્તિત્વ જેવું કંઇ ન હતું. તે સમયમાં લગ્ન વગેરે બાબતો તેના પિતા જ નક્કી કરતા, ભાવિ યુગલ લગ્ન પહેલા પરસ્પર જોતું પણ નહી. વિવાહના પસંદગીના કાર્યમાં કન્યાના મતને અવકાશ જ ન રહેતો. તેનો આ બાબતમાં મત પણ જાણવાનો કે ધ્યાને લેવાનો પ્રયત્ન સુદ્ધાં કરવામાં ન આવતો. તેણે પોતાના પિતાની આજ્ઞાને આધીન થવું પડતું. આવા વાતાવરણમાં તત્કાલિન સામાજિક પરિસ્થિતિથી વિરુદ્ધ વિચારનું પ્રતિપાદન કરતું આ કાવ્ય છે. પાર્વતી જેવી કન્યાની નૈતિક હિંમત અને સ્વતંત્ર વ્યક્તિત્વની પ્રશસ્તિરૂપ ગણી શકાય. તેથી જ વોલ્ટર રૂબીન આ કાવ્યને ભારતીય કુમારીકાના પ્રશસ્ય ગીત

તરીકે ગણાવે છે.[3] અહીં કવિ તત્કાલિન સમાજને નારીસ્વાતંત્ર્ય-સમાનતાનો ઉચ્ચ સંદેશ સહેજે અર્પે છે.

કુમારસંભવ કાવ્ય દ્વારા કાલિદાસે ભારતીય સંસ્કૃતિમાં રહેલ લગ્નજીવનનો આદર્શ રજૂ કર્યો છે. આપણા દેશ પાસે મુખ્યત્વે બે આદર્શો પરંપરાથી મુકાયેલાં છે, માર વિજય અને કામ વિજય એટલે કે પ્રવૃત્તિ અને નિવૃત્તિ. ભગવાન બુદ્ધે વાસનાને મૂલોચ્છેદ કરીને માર-વિજય કર્યો એ શ્રમણ સંસ્કૃતિનો આદર્શ રજૂ થાય છે. બીજો આદર્શ બ્રાહ્મણ સંસ્કૃતિએ મહાદેવના કામ વિજયની કલ્પના દ્વારા મૂક્યો છે. માર-વિજયએ ઘણો ઉચ્ચ આદર્શ છે, પણ સંસારના સામાન્ય જન માટે કામવિજયનો આદર્શ પણ ઠીકઠાક ઉંચો છે, માત્ર નિવૃત્તિપ્રધાન જીવન હિતાવહ નથી. વળી તીવ્ર નિયમ અને તપથી સ્વાર્થવૃત્તિરહિત તથા નિરહંકારી કામને દબાવી દેવા કરતાં યોગ્ય દિશામાં વાળવો જોઈએ. આ કામ લોકકલ્યાણના હિતને લક્ષમાં રાખીને પ્રવૃત્ત થાય છે. આથી માણસે જીવનમાં નિવૃત્તિમય પ્રવૃત્તિ, નિષ્કામ કર્મ આચરવાનો ઉત્તમ સંદેશ કવિ આપે છે.

કામ ઉપર વિજય પતાકા લહેરાવી સંસારમાં મનુષ્યો દામ્પત્યની રચના કરે તો તે સ્વીકાર્ય છે. સંયમની ભૂમિકા ઉપર દામ્પત્ય જીવનની રચના થઈ શકે તો ગૃહસ્થાશ્રમને શરમાવા જેવી વસ્તુ ન રહે. અહીં કવિ લગ્નજીવનને સંસારના કલ્યાણાર્થે જુએ છે. આ કાવ્યમાં જગતના માતા-પિતા એવા શિવ-પાર્વતીના દામ્પત્યનું મહત્વ પણ કુમારનો સંભવ-જન્મ થયો તેમાં જ છે. તેમ છતાં કવિએ એક વાત સ્પષ્ટપણે જણાવી છે કે સમષ્ટિ દ્રષ્ટિએ વૈવાહિક જીવન જોવાવું જોઈએ. તેમ છતાં એવા જીવન માટે વ્યક્તિ ઉપર અયોગ્ય દબાણ લાવી શકાય નહીં, પછી ભલે એ દબાણ લાવનાર કામદેવ જ કેમ ન હોય. કામથી નહી, પણ એ બંને પ્રેમથી પરસ્પર સમરસ થાય ત્યારે જ સમષ્ટિ માટે પણ ઉપકારક થઈ શકે. આવી ઉદાત્ત પ્રેમભાવનાનો આદર્શ કવિએ સમાજ સમક્ષ મૂક્યો છે.

કવિએ આથી જ વિવાહ માટે 'विवाहयज्ञ' શબ્દ પ્રયોજ્યો છે. કુમારસંભવએ વિવાહયજ્ઞનું કાવ્ય છે. કવિ તે યજ્ઞનું સાફલ્ય-સાર્થક્ય દૈવી શક્તિઓનું નેતૃત્વ લઈ શકે તેવું બાળક જગતને આપવામાં માને છે.[૪] પણ કવિએ કુમારસંભવમાં જન્મ વર્ણવ્યો નથી, તેનું સૂચન માત્ર છે. આમ, કવિ કાવ્યમાં ગૃહસ્થાશ્રમનું મહત્વ સમાજ માટે આવશ્યક ગણી, કામથી પર ધૈર્ય ઉપર રચાયેલ દામ્પત્ય જીવનની પરાકાષ્ઠારૂપ સંસારને બાળકોત્પતિ આપવી એ પણ શ્રેષ્ઠ દામ્પત્ય જીવનનું એક કર્તવ્ય માને છે.

કુન્હન રાજાનાં મત પ્રમાણે કુમારસંભવમાં કાલિદાસ ગૃહસ્થ જીવનનો મહિમા દર્શાવી ત્યાગ અને મોક્ષ માટે તપશ્ચર્યા કરવાનાં વિચાર પ્રત્યે પોતાનું તિરસ્કારાત્મક વલણ સૂચવે છે. તે માને છે કે શંકરનું તપ નિર્હેતુક ન હતું, તેમના મનમાં પાર્વતીના પતિ બનવાની ઉમેદ હતી. શંકરને પતિ બનાવવાની પાર્વતીની ઇચ્છા તો જાણીતી છે જ. આમ, બંનેના તપનો હેતુ ભૌતિક અર્થપ્રાપ્તિ છે; મોક્ષ મેળવવાનો નહી.[૫]

કેટલાંક વિદ્વાનો માને છે કે, પ્રસ્તુત કાવ્ય દ્વારા કવિ પોતાના આશ્રયદાતા રાજાની સ્તુતિ તથા પ્રશસ્તિ કરવા માંગે છે. આ ઉપરાંત તત્કાલિન સમાજના લોકોમાં આશાનો સંચાર કરે છે. કવિના જીવનકાળ દરમિયાન જ્યારે દેશના લોકોમાં પરદેશી આક્રમણનો ભય

પ્રસર્યો હતો ત્યારે તેમાંથી પોતાને ઉગારી શકે એવો કોઈ સેનાની લોકો ઝંખી રહ્યા હતા. તેમને આશ્વાસન આપતા કવિ આ કાવ્યના માધ્યમથી સંદેશ આપે છે કે, જો ઈશ્વરમાં શ્રદ્ધા હશે તો ઘોર નિરાશાનાં સાગરમાંથી અણિના સમયે તારનાર જરૂર મળી આવશે. આ ઉદ્ધારક કદાચ તેના આશ્રયદાતા અને ચંદ્રગુપ્ત બીજાનો પુત્ર કુમારગુપ્ત હશે.

કુમારસંભવમાં કવિ કાલિદાસે પ્રેમના-યુવાનીના પ્રેમના પૂરને સંમાન્યો છે, પરંતુ મનુષ્ય તેમાં જ તલ્લીન-ઓતપ્રોત બની જાય તે તેમને ગમતું નથી. તેઓ આગ્રહપૂર્વક માને છે કે, જ્યાં સુધી પ્રેમના પ્રવાહને ધર્મની ગળણીથી ગાળવામાં ન આવે, પ્રેમ ધર્મપૂત ન બને ત્યાં સુધી તે પ્રકાશતો નથી. કુમારસંભવના ત્રીજા સર્ગમાં કામવૃત્તિનું ઉદીપન કરતાં વાતાવરણમાં શિવે પાર્વતી તરફ જોયું. એના પરિણામે કામદેવ બળીને ભસ્મ થઈ ગયો, પરંતુ જ્યારે ધર્મ દ્વારા શિવનું મન પાર્વતી તરફ આકર્ષાયું ત્યારે પૂર્વના અપરાધોથી ડરતાં કામદેવનું મન પણ પુનઃ ઉચ્છવસિત થયું.[૬] આ સિદ્ધ કરે છે કે, ધર્મને માન્ય, ધર્મને અનુકૂળ એવા કામને જ જીવનમાં ચિરંતરન સ્થાન છે, એવો પણ એક સંદેશ કુમારસંભવ દ્વારા કવિ આપે છે.

- **ઉપસંહાર -**

આમ, કુમારસંભવમાં કવિ કાલિદાસ બાહ્ય દૈહિક સૌંદર્ય કરતાં આંતરીક સૌંદર્યને વધુ મહત્વ આપી, જ્યારે યુગલોમાં સાત્વિક, સમષ્ટિને કલ્યાણકારક પ્રેમ ધર્મપૂત બની રહે ત્યારે જ તે તેઓને આવકાર્ય છે. આમ, તેઓ પ્રેમનો, લગ્નનો ઉચ્ચ આદર્શ સમાજ સમક્ષ રજૂ કરે છે. આ ઉપરાંત સમાજને નારી સ્વાતંત્ર, સમાનતા, માતા-પિતા સન્માન, ગૃહસ્થાશ્રમનું મહત્વ, પ્રેમનું શાશ્વત સ્વરૂપ જેવા અનેક સુંદર સંદેશ આપે છે.

**પાદટીપ –**

(૧) दण्डी, काव्यप्रकाशः, १/२

(૨) कुमारसंभवम्, ५/८६

(૩) ગૌતમભાઈ પટેલ, કુમારસંભવ, one may call this poem the glorious song of the Indian bride.- walter ruben, પૃ. ૫૩

(૪) ઉમાશંકર જોશી, શ્રી અને સૌરભ, પ્રકાશક- ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ,
બીજી આવૃત્તિ-૧૯૯૭, પૃ. ૪૬/૪૭

(૫) પ્રા.સુરેશ જ. દવે, કુમારસંભવ આલોચનાત્મક અભ્યાસ, પ્રકાશક-સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ,
બીજી આવૃત્તિ-૧૯૯૧/૯૨, પૃ.૪૫

(૬) धर्मेणापि पदं शर्वे कारिते पार्वतीं प्रति ।
पूर्वापराधभीतस्य कामस्योच्छवसितं मनः ।।
कुमारसंभवम्, ६/१४